**<u>તા.૧૯.૦૨.૨૦૨૪ નાં રોજ માંગણી નંબર -૪ પરની ચર્ચા માટે</u>**

**<u>પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના અગત્યના મુદ્દા</u>**

**<u>માન. ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ (૧૧૩-પેટલાદ)</u>**

માન. અધ્યક્ષશ્રી,

- સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માંગતા લોકો માટે પશુપાલન વ્યવસાયમાં વિશાળ તકો ઉપલબ્ધ છે.
- આજે ગુજરાત રાજ્યના આર્થિક અને સામાજીક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું પ્રદાન છે, ત્યારે રાજ્યના પશુપાલકોની સુખાકારી સુનિશ્ચિત કરવા પશુપાલન અને ડેરી વિકાસ સદરે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સુચવેલ જોગવાઈ બાબતે મારા વિચારો રજુ કરવા અને સમર્થન આપવા ઉભો થયો છું.
- પશુધનના આરોગ્યના રક્ષણને બંધારણીય જવાબદારી સમજીને રાજ્યમાં પશુધનની સંખ્યાની સામે પશુચિકિત્સા સેવાનો વ્યાપ વધારવાના ઉમદા હેતુથી પશુપાલકોને ગામ બેઠાં પશુ ચિકિત્સા

અને પશુ સંવર્ધન સેવાઓ ઉપલબ્ધ કરાવવવાનાં રાજ્ય સરકારના અભિગમનાં કારણે રાજ્યનાં પશુઓનાં દૂધ ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે.

- વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત રાજ્યમાં વાર્ષિક ૧૭૨.૮૦ લાખ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન થયું છે.
- ભારત દેશનું વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૩૦૫.૭૭ લાખ મે.ટન દૂધ ઉત્પાદન થયું છે.
- એટલે કે ૨૦૨૨-૨૩ દરમિયાન દેશમાં ઉત્પન્ન થયેલ દર ૧૩ લીટર દૂધમાં ગુજરાત રાજ્યનું ૧ લીટર દૂધનું યોગદાન રહેલ છે.
- આપણું રાજ્ય દેશના કુલ દૂધ ઉત્પાદન (૨૩૦૫.૭૭ લાખ.મે.ટન) માં ૭.૪૯%નો હિસ્સો ધરાવે છે.

- વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૨-૨૩ ના દસ વર્ષના સમયગાળા દરમિયાન આપણા ગુજરાત રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૬.૭૫% નો સરેરાશ વાર્ષિક વધારો નોંધાયેલ છે.
- વર્ષ ૨૦૧૨-૧૩માં આપણા ગુજરાત રાજ્યમાં માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૪૫૩ ગ્રામ પ્રતિ દિન હતી. જે ૪.૭૯% ના સરેરાશ વાર્ષિક વધારા સાથે વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૭૦ ગ્રામ પ્રતિ દિન પહોંચી છે.
- ગુજરાત રાજ્યમાં ઉત્પન્ન થતા દૂધના સંપાદન, પ્રોસેસિંગ તેમજ દૂધ અને દૂધની બનાવટોના વેચાણ અને માર્કેટિંગ માટે "અમૂલ" બ્રાન્ડના નામે કાર્યરત સહકારી ડેરી માળખુ સમગ્ર દેશ અને વિશ્વમાં પ્રખ્યાત છે.
- ઇન્ટરનેશનલ કોઓપરેટિવ એલાયન્સ અને યુરોપિયન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઓન કોઓપરેટિવ એન્ડ સોશિયલ એન્ટરપ્રાઇઝિસ દ્વારા લોન્ચ કરાયેલ "વર્લ્ડ કોઓપરેટિવ મોનિટર-૨૦૨૩

આવૃત્તિ" માં અમૂલે વર્લ્ડ કોઓપરેટિવ મોનિટરમાં વૈશ્વિક સ્તરે બીજું સ્થાન પ્રાપ્ત કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જે રાજ્યના સહકારી ડેરી ક્ષેત્રની તાકાત દર્શાવે છે.

- હાલમાં રાજ્યના વિવિધ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ હેઠળની હજારો ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીના લાખો સભાસદોને આર્થિક સક્ષમતા પ્રદાન કરી રહેલ સહકારી ડેરી માળખાને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવી રહી છે.
- વિવિધ માળખાકીય સુવિધાઓ માટે નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલોપમેન્ટ, નેશનલ લાઈવસ્ટોક મિશન, રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ સહકારી ડેરી સંઘોને સહાય આપવામાં આવે છે

- <u>ડેરી પ્રોસેસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ</u> અને <u>સહકારી ડેરી અને ખેડૂત ઉત્પાદક સંસ્થાને સહાય</u> યોજના હેઠળ સહકારી દૂધ સંઘોને વિવિધ પ્રોજેક્ટ અને કામગીરી માટે લોન પર વ્યાજ સહાય આપવામાં આવે છે, જેનો પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ રાજ્યના લાખો પશુપાલક સભાસદોને થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- પશુના ગર્ભાવસ્થાનો સમયગાળો તેમજ પશુના વિયાણ બાદનો એક માસનો સમય અતિ મહત્વનો હોય છે.  આ સમય દરમ્યાન પશુના આરોગ્યની જાળવણી અને ગર્ભમાં રહેલ બચ્ચાના પોષણ તેમજ પશુઓમાં વિયાણ બાદનાં એક માસ દરમ્યાન ઉદભવતી ચયાપચયની સમસ્યાઓ અટકાવવા, વિયાણ સમય બાદ થતાં રોગને નિવારવા અને  ક્ષમતા મુજબનું દૂધ ઉત્પાદન જળવાઈ રહે તે માટે પૂરક ખાણદાણ/ સમતોલ આહાર આપવું અત્યંત જરૂરી છે.

- પશુપાલકોનાં ગાભણ પશુઓ માટે અને વિયાણ થયેલ પશુઓ માટે ખાણદાણ ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાય પૂરી પાડવામાં આવે છે.
    - માન. ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં મારા આણંદ જિલ્લામાં કુલ ૯૬૦૦ પશુપાલકોને રૂ. ૪ કરોડ ૬૦ લાખનાં ખર્ચે ખાણદાણ સહાય યોજનામાં લાભ આપ્યો છે, તે માટે પશુપાલન મંત્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું.
    - વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં પશુપાલકોના પશુઓ માટે ખાણદાણ સહાયની યોજના માટે સુચવેલ **રૂ. ૫૪ કરોડની જોગવાઈ**ને આ તબક્કે એકસુરમાં સમર્થન આપવું એ આપણા સૌની ફરજ છે.
- પશુપાલન વિભાગ દ્વારા ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવી રહી છે.

- ○ રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં મારા આણંદ જિલ્લામાં કુલ ૨૬૨ લાભાર્થીઓને રૂ. ૮ કરોડ ૮ લાખની સહાયનો આ યોજનામાં લાભ આપ્યો છે.
- ○ પશુપાલન વ્યવસાય થકી ઘરઆંગણે સ્વરોજગારીની તકો ઊભી થાય તેવી ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મની યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ નાં અંદાજપત્રમાં સુચવેલ રૂ. ૫૦ કરોડ ૨૫ લાખની જોગવાઈને પણ હું આ તબક્કે મારું સમર્થન જાહેર કરું છું.

- રાજ્યની  ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર અને ગોડાઉનના બાંધકામ માટે પણ રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવી છે. દૂધઘર અને ગોડાઉનની સુવિધાઓ ઉભી થવાથી દૂધ મંડળીની કાર્યક્ષમતામાં ચોક્કસ વધારો થયો છે તેમ હું માનું છુ.
- રાજ્યના કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા

માટે સહાયની યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સુચવેલ કુલ રૂ. ૧૦ કરોડ ની જોગવાઈથી કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો વધુ સશક્ત અને સક્ષમ બનશે, તેથી આ જોગવાઈને આ તબક્કે હું આવકાર સાથે સમર્થન જાહેર કરું છું.

- પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રમાં સર્વોત્તમ સેવાઓ પૂરી પાડવા, રાજ્યના પશુપાલકોના હિતમાં અને તેમના આર્થિક અને સામાજિક વિકાસ સારુ વર્ષ ૨૦૨૪-૨૫ નાં અંદાજપત્રમાં સમાવવામાં આવેલ તમામ દરખાસ્તોને હું મારું સમર્થન આપું છું.

====XXX====